**PRESS RELEASE**

# ફ્લિપકાર્ટ હોલસેલ અને બેસ્ટ પ્રાઇઝ સ્ટોર્સના "ધ બિગ બિલિયન ડેઝ"ના આયોજન સાથે રિટેલર તહેવારોની ઉજવણીમાં સામેલ થયાં

- **પેકેજ્ડ ફુડ, હોમ કેર, પર્સનલ કેર, ઇલેક્ટ્રોનિક્સ એન્ડ એપ્લાયન્સિસ અને જનરલ મર્ચેન્ડાઇઝમાં તેના 28 હોલસેલ સ્ટોર્સ અને બેસ્ટ પ્રાઇઝ એપ અને વેબસાઇટ ઉપર વિશેષ ઓફર આપશે**
- **ફ્લિપકાર્ટ હોલસેલ એપ 16 શહેરોની અગ્રણી ફેશન બ્રાન્ડ્સ તરફથી લાખથી વધુ એપરલ અને ફુટવેર પ્રોડક્ટ્સ માટે રિટેલર્સને આકર્ષક ડીલ ઓફ કરી રહ્યું છે**

**બેંગાલુરૂ, 13 ઓક્ટોબર, 2020** – ભારતમાં વિકસિત ફ્લિપકાર્ટ ગ્રુપ 16થી21 ઓક્ટોબર દરમિયાન તમામ બેસ્ટ પ્રાઇઝ કેશ-એન્ડ-કેરી સ્ટોર્સ અને ફ્લિપકાર્ટ હોલસેલ એપ ઉપર 'ધ બિગ બિલિયન ડેઝ'ના લોન્ચ સાથે લાખો રિટેલર્સ અને નાના ઉદ્યોગો માટે તહેવારોનો ઉત્સાહ વધારવા માટે સજ્જ છે.

દેશમાં નવ રાજ્યોમાં 28 બેસ્ટ પ્રાઇઝ કેશ-એન્ડ-કેરી સ્ટોર્સમાં બિગ બિલિયન ડેઝ સેલ 200થી વધુ બ્રાન્ડ્સમાં 45 જેટલી કેટેગરીમાં 800થી વધુ પ્રોડક્ટ્સ આકર્ષક ઓફર કરશે.

બેસ્ટ પ્રાઇઝ મેમ્બર્સ આ બેસ્ટ પ્રાઇઝ સ્ટોર્સમાં આવીને અથવા બેસ્ટ પ્રાઇઝ વેબસાઇટ અથવા એપની અનુકૂળતા મૂજબ પેકેજ્ડ ફુડ, હોમ કેર, પર્સનલ કેર, ઇલેક્ટ્રોનિક્સ એન્ડ એપ્લાયન્સિસ અને જનરલ મર્ચેન્ડાઇઝ જેવી કેટેગરીમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત પ્રોડક્ટ્સ ઉપર એક્સક્લુઝિવ ડીલ મેળવી શકશે.

હાલમાં 16 શહેરોને સેવા પ્રદાન કરતી ફ્લિપકાર્ટ હોલસેલ એપ રેડ ટેપ, ડ્યુક, નેવા, ક્લોવિયા જેવી ફેશન બ્રાન્ડ્સ 'ધ બિગ બિલિયન ડેઝ'માં ઓફર કરી રહી છે તથા તેણે ફેશન એસેસરિઝમાં નવી કેટેગરી પણ રજૂ કરી છે. આ પ્લેટફોર્મે ભારતના અગ્રણી ફેશન કેન્દ્રો – ત્રિપુરા, સુરત, મુંબઇ, દિલ્હી, કોલકત્તા, કાનપુર, લુધિયાણા સહિતના શહેરોમાંથી ક્લોથિંગ અને ફુટવેરમાં 30,000 વધુ સ્ટાઇલ્સનો ઉમેરો કર્યો છે.

ફેશન રિટેલર્સ ફ્લિપકાર્ટ હોલસેલ ઉપર પ્રથમવાર ટ્રાન્ઝેક્શન ઉપર 10 ટકા સુધીની બચત કરી શકશે તથા જથ્થાબંધ ખરીદી ઉપર વધારાના લાભો પ્રાપ્ત કરી શકશે.

ફ્લિપકાર્ટ હોલસેલ એન્ડ વોલમાર્ટ ઇન્ડિયાના સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ અને હેડ આદર્શ મેનને જણાવ્યું હતું કે, "અમે પ્રથમવાર અમારા બીટુબી બિઝનેસિસ – ફ્લિપકાર્ટ હોલસેલ એન્ડ બેસ્ટ પ્રાઇઝ સ્ટોર્સ ઉપર ધ બિગ બિલિયન ડેઝના લાભો ઓફર કરતાં અત્યંત ઉત્સાહિત છીએ. આ વિશેષ ઓફર ભારતમાં ફ્લિપકાર્ટ અને વોલમાર્ટ ઇન્ડિયાના સહયોગનું પરિણામ છે, જે ભેગા મળીને રિટેલર્સને વેચાણ અને નફાકારકતા વધારવા માટે ઉત્તમ તક પ્રદાન કરે છે. અમારું માનવું છે કે આ પહેલથી અમારા બીટુબી ગ્રાહકોની બચતમાં નોંધપાત્ર વધારો થશે તથા અર્થતંત્રમાં વ્યાપકસ્તરે તહેવારનો ઉત્સાહ અને યોગદાન પ્રદાન કરી શકાશે."

ફ્લિપકાર્ટ ગ્રુપે આ વર્ષે જુલાઇમાં વોલમાર્ટ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડના હસ્તાંતરણની જાહેરાત કરી હતી, જે બેસ્ટ પ્રાઇઝ કેશ-એન્ડ-કેરી બિઝનેસનું સંચાલન કરે છે, જેથી કિરાણા અને એમએસએમઇ માટે વૃદ્ધિ અને સમૃદ્ધતા સક્ષમ કરવા કંપનીની હોલસેલ ક્ષમતાઓનો લાભ લઇ શકાય.

બિગ બિલિયન ડેઝ દ્વારા ફ્લિપકાર્ટ હોલસેલ અને બેસ્ટ પ્રાઇઝ સ્ટોર્સ રિટેલ ઇકોસિસ્ટમ માટે આકર્ષક ઓફર ઉપલબ્ધ કરાવવાનો અને તહેવારની સિઝનમાં દેશભરમાં નાના ઉદ્યોગો માટે કારોબારી વૃદ્ધિને બળ આપવાનો ઉદ્દેશ્ય ધરાવે છે.

**About the Flipkart Group**

The Flipkart Group is one of India's leading digital commerce entities and includes group companies Flipkart, Myntra, and PhonePe. Started in 2007, Flipkart has enabled millions of consumers, sellers, merchants and small businesses to be a part of India's e-commerce revolution, with a registered customer base of over 250 million, offering over 150 million products across 80+ categories. Our efforts to democratize e-commerce in India, drive access and affordability, delight customers, create lakhs of jobs in the ecosystem and empower generations of entrepreneurs and MSMEs has inspired us to innovate on many industry firsts. The recent launch of Flipkart Wholesale, our new digital marketplace, is a testament to our commitment to accelerate the growth of kiranas and MSMEs in India. Flipkart is known for pioneering services such as Cash on Delivery, No Cost EMI and easy returns – customer-

centric innovations that have made online shopping more accessible and affordable for millions of Indians. Together with Myntra, which holds a prominent position in the online fashion market, PhonePe, India's fastest growing digital payments platform, and now Flipkart Wholesale, the Flipkart Group will continue to steer the transformation of commerce in India through technology.

For more information, please write to media@flipkart.com